| | | | | |
|---|---|---|---|---|
| **આંક** | **:–** | **૨૦.** | | |
| દાખલ તારીખ | :– | ૦૩–૦૮–૨૦૧૮ | | |
| રજીસ્ટર તારીખ | :– | ૦૩–૦૮–૨૦૧૮ | | |
| નિકાલ તારીખ | :– | ૨૪–૧૨–૨૦૧૮ | | |
| | | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| **સમયગાળો :–** | | **૦૦** | **૦૪** | **૨૧** |

-::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::

**નામદારશ્રી આઠમા અધિક ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ભુજ–કચ્છ.**

-::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::

**સ્પેશીયલ દિવાની દાવા(ઈલે.સીટી) નં. ૩૮૬/૨૦૧૮.**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.**

હેડ ઓફીસ : રાજકોટ, મારફતે : નાયબ ઈજનેર,

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,

ભુજ રૂરલ સબ–ડીવીઝન,

ભુજ–કચ્છ. **વાદી.**

## વિરૂઘ્ઘ

**કાંતિલાલ રૂપા ચાડ.**

ઉ.વ.પુખ્ત,

રહેવાસી : ગામ : હબાય,

તા. ભુજ–કચ્છ. **પ્રતિવાદી.**

---

**બાબત :- વિદ્યુત ચોરીના બીલની રકમ રૂા.૨૭,૪૧૬-૩૭ પૈસા વ્યાજ ખર્ચ સહીત વસુલ મળવા બાબત.**

---

**સમક્ષ :- શ્રી આશીષ જે.એસ.મલ્હોત્રા, આઠમા અધિક ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ, ભુજ-કચ્છ.**

---

વાદી તરફે :- વિધ્વાન વ.શ્રી. બી.પી.વોરા.

પ્રતિવાદી તરફે :- એકતરફી.

---

**-: ઠ રા વ :-**

**૧).** આ કામે વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, વાદીએ ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ-૧૯૪૮ ની જોગવાઈ મુજબ કોન્સ્ટીટયુટેડ કોર્પોરેટ બોડી છે, જે તા.૩૧/૧૨/૨૦૦૪ થી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડમાં કન્વર્ટ કરવામાં આવી છે. વાદી કંપની ગુજરાત રાજયમાં વિધુતનું ઉત્પાદન કરી નિયત દરથી ગ્રાહકોને વિજળી પુરી પાડે છે. આ કામે વાદી કંપનીના **તારીખ:- ૧૫-૦૩-૨૦૧૬** ના રોજ વાદી કંપનીના અધિકૃત અધિકારી ચેકીંગમાં હતા, તે દરમ્યાન ઉપરોકત આ કામના પ્રતિવાદીના ઉપરોકત સ્થાને પ્રતિવાદીના

જોડાણની તપાસ કરતાં પ્રતિવાદી વીજ ચોરી કરતા માલુમ પડેલ જેથી તે જ વખતે તેમના પ્રતિનિધિની હાજરીમાં કાયદેસરનો તપાસણી અહેવાલ તૈયાર કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ તેમજ આ કામના પ્રતિવાદી પાસેથી નીચે મુજબની લેણી રકમ વસુલ કરવા આ દાવો દાખલ કરવામાં આવેલ છે.

રૂા. ૨૨,૦૬૬–૧૦ મુળ બિલની રકમ.

રૂા. ૫,૩૫૦–૨૭ કમ્પાઉન્ડીંગ ચાર્જીસ.

------------------------

**રૂા. ૨૭,૪૧૬–૩૭ કુલ્લ બાકી રકમ.**

૨) આ કામના વાદીએ નીચે મુજબના દસ્તાવેજી આધારો રજુ કરેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ચેકીંગ અહેવાલ તથા રોજકામની ઝેરોક્ષ. | ૩/૧ |
| ૨. | નોટીસની ઝેરોક્ષ. | ૩/૨ |
| ૩. | આકારણી બીલની ઝેરોક્ષ. | ૩/૩ |
| ૪. | એડ મારફતેની લીગલ નોટીસની ઓફીસ કોપી. | ૩/૪ |
| ૫. | રજી. એડી ની સ્લીપની ઝેરોક્ષ. | ૩/૫ |
| ૬. | રજી.એડી ની પાવતીની ઝેરોક્ષ | ૩/૬ |
| ૭. | ડી.પી.સી સ્ટેટમેન્ટની ઝેરોક્ષ. | ૩/૭ |

આમ, પ્રતિવાદી ઉપરોકત કુલ્લે રકમ ભરપાઈ કરવા કાયદેસર બંધાયેલ હોવા છતાં લેણી રકમ ભરપાઈ કરેલ નથી, તેથી નામદાર કોર્ટ સમક્ષ આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

૩) સદર દાવો દાખલ થતાં દાવો રજીસ્ટરે લઈ, પ્રતિવાદી ને ધોરણસર નોટીસ કરતાં સદર નોટીસ બજી ગયેલ છે તેમ છતા પ્રતિવાદી મુદત તારીખે હાજર રહેલા નથી કે તેમના વકીલશ્રી હાજર રહેલા નથી કે તેઓ તરફે કોઈ અરજી / રીપોર્ટ રજુ થયેલા નથી જેથી પ્રતિવાદી સામે સદર દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૪) સદર કામે વાદી તરફે દસ્તાવેજી પુરાવા રજુ કરતાં નામદાર કોર્ટે **આંક : ૭** થી નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત કરેલ છે :–

(૧) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી વાદી કંપનીની વીજ લાઈનમાં થી બિનઅધિકૃત રીતે વિજ જોડાણ કરી વિજ વપરાશ કરેલ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી ગેરકાયદેસર વિજ વપરાશની કિંમત ચુકવવા જવાબદાર છે ?

(૩) શું વાદી માંગ્યા મુજબની લેણી રકમ વ્યાજ સાથે મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું ?

૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં ૯ ટકા મુજબ

(૪) આખરી હુકમ મુજબ

૬) **<u>ઉપરોકત નિર્ણયો માટેના કારણો :–</u>**

**૬.૧)** ઉપરોકત મુદાઓની હકીકતો એકબીજાની સાથે સંકળાયેલ હોઈ ઉપરોકત મુદાઓના નિર્ણયો માટેના કારણોની ચર્ચાનું બિનજરૂરી પુનરાવર્તન ન થાય તે હેતુસર તમામ મુદાઓના નિર્ણયો માટેના કારણોની ચર્ચા સરળતા ખાતર એકસાથે કરવામાં આવે છે.

**૬.૨)** **વાદી તરફે વિ.વકીલશ્રી બી.પી.વોરા** ની દલીલો સાંભળવામાં આવેલી. વાદી તરફે **માર્ક : ૩/૧ થી ૩/૭** મુજબના દસ્તાવેજી આધારો વંચાણે લીધા. વાદીએ તેમના દાવાના સમર્થનમાં **આંક:૯ થી સોગંદનામું** રજુ કરેલ છે, જે સોગંદનામામાં તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીના અધિકૃત અધિકારીઓએ **તારીખ : ૧૫–૦૩– ૨૦૧૬** ના રોજ પ્રતિવાદીનું વીજ ચેકીંગ કરતાં તેઓ વીજચોરી કરતા

માલુમ પડેલ. જેથી તે જ વખતે તેમના પ્રતિનિધિ ની હાજરીમાં જે તે પરિસ્થિતિનો ચેકીંગ શીટમાં ઉલ્લેખ કરી તેમને સમજણ આપી એક નકલ તેમને આપેલ. બાદમાં વીજ ચોરી અંગેનું **રૂ.૨૨,૦૬૬–૧૦** નું કાયદેસરનું બિલ બનાવી તે નોટીસ સાથે પ્રતિવાદીને મોકલાવેલ, પરંતુ તેઓએ દાદ ન આપતાં વાદી કંપનીના વકીલશ્રી મારફતે લીગલ નોટીસ મોકલાવેલ. તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી રકમ ભરપાઈ ન કરતાં આ દાવો લાવવાની ફરજ પડેલ છે અને દાવા અરજીમાં જણાવ્યા મુજબની દાદ અપાવવા તેઓએ અરજ કરેલ છે. સદર દાવા અરજી સાથે દસ્તાવેજી આધારો પુરાવા કામે વંચાણે લેવામાં આવેલ છે તે પુરાવો તથા વાદી તરફે આંક–૧ વાળી જે દાવા અરજી રજુ થયેલ છે તેને સમર્થન કરતો પુરાવો **માર્ક : ૩/૧ થી ૩/૭ થી** આપેલ છે. વળી, વાદી કંપનીના વકીલશ્રી તરફથી આપવામાં આવેલ નોટીસનો હાલના પ્રતિવાદીએ કોઈ જવાબ આપેલ નથી જેથી વાદી તરફે રજુ થયેલ **આંક:૯ વાળો સોગંદ** ઉપરનો પુરાવો ન માનવા માટેનું કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. વાદીએ આંક–૧ વાળી દાવાઅરજીમાં જણાવેલ તમામ હકીકતો **આંક:૯ ના સોગંદનામા** દ્વારા તથા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજી આધારો દ્વારા પુરવાર કરેલ હોઈ, ઉપરોકત **મુદા નંબર ૧–૨ નો જવાબ**

**હકારમાં** આપુ છું અને **મુદ્દા નંબર ૩** અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** આ કામના હાલના વાદી : **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.,** હેડ ઓફીસ : રાજકોટ, મારફતે : નાયબ ઈજનેર, ભુજ રૂરલ સબ–ડીવીઝન, ભુજ–કચ્છ વાળાનો હાલનો દાવો આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** આ કામના પ્રતિવાદી : **કાંતિલાલ રૂપા ચાડ,** ઉ.વ.પુખ્ત, રહેવાસી : ગામ : હબાય, તા. ભુજ–કચ્છ વાળા એ વાદી/વિદ્યુત બોર્ડની વિજ–ચોરીની રૂા.૨૨,૦૬૬–૧૦ મુળ બિલની રકમ, રૂા.૫,૩૫૦–૨૭ કમ્પાઉન્ડીંગ ચાર્જીસ, **રૂા. ૨૭,૪૧૬–૩૭ (રૂપિયા સત્યાવીસ હજાર ચાર સો સોળ રૂપિયા સડત્રીસ પૈસા પુરા ) ૦૯ (નવ) ટકા**ના સાદા વ્યાજ સાથે અરજીની તારીખથી રકમ વસુલ થતાં સુધી વાદી / વિદ્યુત બોર્ડને ચડયે–ચડયા આ હુકમથી તારીખથી ૯૦ (નેવું) દિવસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો પ્રતિવાદી ઉપરોકત લેણી રકમ ચુકવી આપવામાં નિષ્ફળ જાય તો પ્રતિવાદીની સ્થાવર અને જંગમ મિલકતની હરાજી કરી વાદી / વિદ્યુત બોર્ડ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવી શકશે.

**૩.** આ દાવાનો પ્રતિવાદીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો અને વાદી/વિદ્યુત બોર્ડ ને ખર્ચના **રૂા.૨,૫૫૦/- (રૂપીયા બે હજાર પાંચ સો પચ્ચાસ પુરા)** પ્રતિવાદીએ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** હુકમ મુજબ હુકમનામું દોરવું.

આજરોજ તારીખ : ૨૪ મી, માહે : ડીસેમ્બર, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી./-

તારીખ :- ૨૪-૧૨-૨૦૧૮
સ્થળ : - ભુજ-કચ્છ.

**(આશીષ જે.એસ.મલ્હોત્રા)**
(જી.જે.૦૧૫૦૪)
**આઠમા અધિક ડીસ્ટ્રીકટ**
**અને સેશન્સ જજ**
ભુજ-કચ્છ.

DAFDA